C Y M K

જે વ્યક્તિ ને પોતાના મન અને વિચાર પર પોતાનો કાબૂ નથી તે કદાપિ ‘સ્વતંત્ર’ થઇ ન શકે
- વિવેકાનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૪૦ | ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૩, બુધવાર; મહા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# તાલુકા પંચાયતમાં પણ કેસરીયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર તાલુકા પંચાયતમાં ૧૫ વર્ષ બાદ કોંગ્રેસ પાસેથી સત્તાના સૂત્રો ભાજપે આંચકી લીધા છે. ભાજપે આજે આ તાલુકા પંચાયતના ચૂંટણી જંગમાં સ્પષ્ટ બહુમતિ સાથે સત્તાના સૂત્રો સંભાળ્યા છે. આજે મતગણતરીમાં ભાજપને ૧૮ બેઠકો, કોંગ્રેસને ૧૨ બેઠકો અને અપક્ષને ફાળે ૧ બેઠક ગઈ છે.

સે-૧૬ની મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે સવારે નવ વાગ્યે મતગણતરીનું કાર્ય શરુ થયું હતું. અને ૯.૧૫ કલાકે પ્રથમ પરિણામ જાહેર થઈ જતાં ભાજપે વિજયકૂચના શ્રીગણેશ કર્યા હતા.

અડાલજ બેઠક પર ભાજપે ૭૦૦ મતે વિજય હાંસલ કર્યો હતો. ૩૦૦થી પણ વધુની સરસાઈ સાથે જીતી હતી.

મત ગણતરીની કામગીરી ધીમી ગતિએ આગળ વધતી હતી. માત્ર૯૪ મતે વિજય હાંસલ કર્યોહતો. જેને લઈ મતગણતરીની અંતિમ પળો સુધી રસાકસી જોવા મળી હતી.

આજની આ મતગણતરીમાં

## પંદર વર્ષ બાદ કોંગ્રેસ પાસેથી ભાજપે સત્તા આંચકી લીધી : ભાજપને ૧૮, કોંગ્રેસને ૧૨ અને એક અપક્ષ ઉમેદવાર વિજયી

માત્ર ૩૫ ટકા મતદાન થયેલ. આ સીટે કોંગ્રેસ માટે અત્યંત આશાવાદ જગાવ્યો હતો પરંતુ બધા જ બુથોમાં ભાજપે સરસાઈ મેળવી હતી. તો કોંગ્રેસની તરફેણમાં પહેલું પરિણામ ૯.૨૫ મિનિટે આવ્યું હતું. જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગીબેન પટેલના વિસ્તારની છાલા બેઠક કોંગ્રેસે

જો કે ૧૦ વાગ્યા સુધીમાં તો પાંચ બેઠકોના પરિણામ જાહેર થયા હતા જેમાં ભાજપે ૩ બેઠક અડાલજ, આદરજ મોટી અને ભાટ પર વિજય મેળવ્યો હતો. જયારે કોંગ્રેસ પક્ષે બે બેઠકો છાલા અને ચિલોડા-નરોડાની બેઠક પર વિજય મેળવ્યો હતો.

ચિલોડા-નરોડાની બેઠક પર કોંગ્રેસે

કોંગ્રેસ ભાજપે રિપીટ કરેલા બંને ઉમેદવારો શ્રીમતી સજનબેન પરમાર અને શ્રી પોપટભાઈ પટેલ વિજયી જાહેર થયા હતા.

મતગણતરીમાં સૌથી વધુ મતની સરસાઈ રાંધેજા-૧ની બેઠક પર ભાજપના ઉમેદવારે મેળવી હતી. જે સરસાઈ લગભગ ૨૯૦૦ જેટલી થવા જાય છે. ૧૦૦ મતથી ઓછી સરસાઈ ધરાવતી ટીંટોડા બેઠક ભાજપે કોંગ્રેસ પાસેથી આંચકી લીધી હતી. ટીંટોડાની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે લડી રહેલા પૂર્વ તાલુકા પંચાયતના પુત્રનો આ બેઠક પર પરાજય થયો હતો. આ પરાજય પછી કોંગ્રેસે તાલુકા પંચાયતની ચૂંટણીમાં તેમની હારને સ્વીકારી લીધી હતી.

મતગણતરીમા સૌનું ધ્યાન કોલવડા બેઠક પર કેન્દ્રીત થયું હતું. ધારાસભ્ય શ્રી અશોક પટેલના ગામની આ બેઠક કોંગ્રેસની તરફેણમાં જતાં કોંગ્રેસના કાર્યકરો ભારે ઉત્સાહમાં આવી ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

### મતગણતરી સ્થળે બે પીધેલાઓની પોલીસ સાથે માથાકુટ

ગાંધીનગર, તા. ૧૯

તાલુકા પંચાયતની ચૂંટણીના મતગણતરી સ્થળ સેકટર-૧૬ માધ્યમિક શાળા ખાતે કોઈ અનિચ્છિનીય બનાવ બને નહી તે માટે પૂરતાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ટેકેદારોના ટોળા મતગણતરીના સ્થળ સુધી ના પહોંચે તે માટે શાળાની બહાર જ તેમને અટકાવવામાં આવતા હતા. દરમ્યાન ટીંટોડા ગામના બે પીધેલી હાલતમાં આવેલા શખ્સોએ તેમને હટાવી રહેલી પોલીસ સાથે માથાકુટ શરૂ કરી દીધી હતી. જો કે આ સંદર્ભે કોઈ પોલીસ ફરીયાદ નોંધાવા પામી નહોતી.

### તાલુકા પંચાયતનું પ્રમુખપદ મહિલા માટે અનામત હોવાથી અટકળો...

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખની બેઠક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની મહિલા માટે અનામત રાખવામાં આવી હોવાથી હવે તાલુકા પંચાયતના પ્રમુખ કોણ બનશે તેને લઈ પણ અટકળોનો દોર શરુ થયો છે. જો કે નવા પ્રમુખની ચૂંટણી માટે પંચ દ્વારા પરિણામો જાહેરનામાં પ્રસિધ્ધ થાય તે પછી પ્રક્રિયા હાથ ધરાશે.

૧૯૯૬માં બનેલી તાલુકા પંચાયતમાં ૧૬ વર્ષ બાદ સત્તા પલ્ટો પહેલીવાર જોવા મળ્યો છે. જો કે ભાજપના પ્રમુખ બીજી વાર તાલુકા પંચાયતના પ્રમુખ બનશે.

### ઉમેદવારોના ટેકેદારોએ ચાર મણ ગુલાલ ઉડાડ્યો

આજે તાલુકા પંચાયતની ચૂંટણીની મતગણતરીની જગ્યાએ સવારથી જ મોટી સંખ્યામાં લોકો આવી પહોંચ્યા હતા. મતગણતરીની આસપાસના વિસ્તારોમાં પાર્કિંગની પણ જગ્યા રહી ન હતી. અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. તેમજ લોકોની ભીડ જોતા નાસ્તાની લારી-ગલ્લાવાળા પણ મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. મતગણતરીના દિવસે આજે ૪ મણ જેટલો ગુલાલ વપરાતા આ રસ્તો પણ ગુલાબી બની ગયો હતો. પણ ફૂલહારની લારીવાળાઓને જોઈએ તેટલો ધંધો ના થતા નિરાશ થયા હતા.

### ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીમાં બે નો અનોખો સંયોગ...

- તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસે રીપીટ કરેલા બન્ને ઉમેદવારો વિજયી બન્યા છે.
- ભાજપના બે ધારાસભ્યો શ્રી અશોક પટેલ અને શ્રી પૂનમભાઈ મકવાણાના ગામમાં ભાજપની પીછેહઠ થઈ છે.
- બે-બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ અને ગુડાના ચેરમેન શ્રી અશોક ભાવસારના ગામમાં ભાજપી ઉમેદવારો વિજયી બન્યા છે.
- જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલ અને જિલ્લા કોંગ્રેસના ઈન્ચાર્જ પ્રમુખ શ્રી જશુભા રાણાના ગામમાં કોંગ્રેસ વિજયી બની છે.
- બે-બે બેઠકો ધરાવતા રાંધેજા અને ડભોડાની ૧-૧ બેઠક ભાજપે મેળવી હતી જ્યારે એક બેઠક રાંધેજા-૨ અપક્ષને ફાળે ગઈ છે. ડભોડા-૧ની બેઠક કોંગ્રેસે મેળવી છે.
- બે બેઠકો ચિલોડા-(ન) અને ટીંટોડાની બેઠક પર ૧૦૦ કરતાં ઓછા મતે ઉમેદવારો વિજયી થયા હતા.
- બે બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો ત્રીજા ક્રમે રહ્યા હતા. દોલારાણા વાસણા અને રાંધેજા-૨ની બેઠક પર અપક્ષ ઉમેદવારોએ બીજુ સ્થાન મેળવ્યું છે.


(તસવીર : દિપક જાની)

# આજથી વિધાનસભાનું અંદાજપત્ર સત્ર

## નીતીન પટેલ ફુલગુલાબી બજેટ સત્ર દરમિયાન રજૂ કરશે લોકાયુક્ત એક્ટ સુધારા બિલ સહિત ઘણા બિલ રજૂ થશે

અમદાવાદ,તા. ૧૯

ગુજરાત વિધાનસભાની બજેટ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે. આ બજેટ સત્ર દરમિયાન શ્રેણીબદ્ધ બિલ રજૂ કરવામાં આવનાર છે જેમાં લોકાયુક્ત સુધારા બિલનો પણ સમાવેશ થાય છે. બજેટ સત્રને લઈને તમામ તૈયારીઓ સરકાર દ્વારા કરી લેવામાં આવી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ મોદીના નેતૃત્વમાં ભાજપ ખૂબ જ ઉત્સુક છે. બીજી એપ્રિલ સુધી ચાલનાર આ બજેટ સત્રમાં નાણાંમંત્રી નીતિન પટેલ બજેટ રજૂ કરશે. આ બજેટમાં ભાજપ સરકાર ચૂંટણી દરમિયાન તેના ચૂંટણી ઢંઢેરામાં આપવામાં આવેલા વચનોને પરિપૂર્ણ કરવા માટે પહેલ કરશે. વિધાનસભાની ચૂંટણી દરમિયાન ભાજપે ૫૦ લાખ મકાનો બાંધવા પ્રજાને આપેલા વચનનું પાલન કરવામાં આવશે. ૧૩મી વિધાનસભાના આ પ્રથમ અંદાજપત્ર સત્રમાં નવ જેટલા સરકારી અને બિનસરકારી વિધયક રજૂ કરવામાં આવનાર છે. મોદીની સ્પષ્ટ સૂચનાથી બજેટ ફૂલ ગુલાબી અને આકરા વેરા વગરનું રહેશે તેવું જાણવા મળી રહ્યું છે. કોંગ્રેસ તરફથી શંકરસિંહ વાઘેલા, વિઠ્ઠલ રાદડિયા જેવા ગણા ગાઠ્યાં વરિષ્ઠ કોંગ્રેસ ધારાસભ્યોને બાદ કરતા મોટાભાગના કોંગ્રેસના ધારાસભ્યો નવા હોવાથી બજેટ સત્રમાં કોઈ ધાધલ ધમાલ થવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. ગૃહના અધ્યક્ષ તરીકે વજુભાઈ વાળા હોવાથી કામગીરી પણ સાનુકૂળ રીતે ચાલે તેવી શક્યતા છે. રાજ્ય સરકાર જે બિલ રજૂ કરનાર છે તેમાં લોકાયુક્ત એક્ટ સુધારાબિલ, ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ બીલ, ગુજરાત ઈરીગેશન એન્ડ ડ્રેનેજ બીલ, ગુજરાત કોઓપરેટીવ સોસાયટી એક્ટ સુધારા બિલ, ગુજરાત ફાયર સેફટી બિલ, સ્કીલ્ડ ડેવલોપમેન્ટ યુનિવર્સિટી બિલ, પબ્લિક ટ્રસ્ટ એક્ટ સુધારા બિલ, રાઈટ ટુ પબ્લિક સર્વિસ બિલ રજૂ કરવામાં આવનાર છે. વિવાદાસ્પદ લોકાયુક્ત સુધારાબિલને લઈને વધારે ચર્ચા છે. બજેટ સત્રને લઈને સરકાર સંપૂર્ણપણે કમર કસી ચૂકી છે. લોકાયુક્ત મામલે રાજ્યપાલ અને ભાજપ સરકાર આમને સામને પણ આવી ચૂકી છે.

વિધાનસભા સત્રના પ્રારંભે ગાંધીનગરના સેક્ટર-૧૧ અને ૧૨માં ઘનિષ્ઠ પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

### આજે અંદાજપત્રમાં ગાંધીનગર અંગે મહત્વની જાહેરાતો થવાની શક્યતાઓ

ગાંધીનગર, તા. ૧૯

સોલાર સીટી ગાંધીનગરને બનાવવા માટે રાજ્યના નાણાંમંત્રી શ્રી નીતિન પટેલ આજે તેમના અંદાજપત્ર પ્રવચનમાં પાટનગર યોજના વિભાગને તેમજ મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે મહત્વની જાહેરાતો કરે તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.

આજથી આરંભાઈ રહેલ અંદાજપત્ર સત્રમાં સોલાર સીટીનું સ્વપ્ન સાકાર કરવા માટે રૂફટોપ પોલીસીમાં ફેરફાર કરવાની વાત સરકારની વિચારણામાં છે અને તેના નિર્દેશો બજેટ પ્રવચનમાં મળે તેમ જાણવા મળેલ છે.

આ ઉપરાંત રાજ્ય સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ મેટ્રોરેલ માટે પણ મોટી રકમની ફાળવણી સરકાર દ્વારા કરવામાં આવશે. મહાત્મા મંદિરના નિર્માણ કાર્યને ઝડપી બનાવવા માટે પણ વધુ નાણાંકીય જોગવાઈઓ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યના નાણાંમંત્રીશ્રી આજે તેમના અંદાજપત્ર પ્રવચનમાં તમાકુ પર વેરો લાદી તમાકુ વિરોધી ઝુંબેશને આક્રમક બનાવે તેવી શક્યતાઓ છે. તો પેટ્રોલ-ડીઝલમાં વેટ ઉપરાંત લેવામાં આવતા સેસ ને નાબુદ કરી પ્રજાને થોડીક રાહત આપે તેવી સંભાવનાઓ પણ રહેલી છે.

તેમના આ પ્રવચનમાં શહેરી વિકાસ ઉપરાંત મહેસુલ વિભાગમાં પણ આમુલ પરિવર્તનના સંદેશ આપે તેવી શક્યતાઓ છે. જો કે વહીવટીય સુધારણા સહિતના પગલાંઓનો સંકેત પણ પ્રવચનમાં આપશે તેમ મનાઈ રહ્યું છે.

નાણાંમંત્રી શ્રી નિતીન પટેલ ઉત્તર ગુજરાતમાંથી આવી રહ્યા છે અને ઉત્તર ગુજરાત માટે પણ કેટલીક મહત્વની જાહેરાતો કરશે તેમ માનવામાં આવી રહ્યું છે.

### કયા કયા બિલ રજૂ થશે...

- લોકાયુક્ત એક્ટ સુધારા બિલ
- ગુજરાત ઈરીગેશન એન્ડ ડ્રેનેજ બિલ ૨૦૧૩
- ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ બિલ ૨૦૧૨
- રાઈટ ટુ પબ્લિક સર્વિસ બિલ
- ગુજરાત ફાયર સેફટીબિલ ૨૦૧૩
- ગુજરાત કો.ઓપરેટિવ સોસાયટી એક્ટ સુધારા બિલ
- સ્કીલ્ડ ડેવલોપમેન્ટ યુનિવર્સિટી બિલ
- પબ્લિક ટ્રસ્ટ એક્ટ સુધારા બિલ
- અફોરડેબલ હાઉસીંગ સર્વિસ ઓથોરિટી બિલ

## એસ.ટી.ના કર્મચારીઓની હડતાલ મોડી રાતથી બસના પૈડા થંભી ગયા

**કર્મચારીઓની પોઈન્ટ બસ સેવા પણ બંધ રહેશે : ગાંધીનગરના ૨૦ હજાર અપડાઉનકર્તાઓને હાલાકી વેઠવી પડશે : પડતર પ્રશ્નોને લઈ નિગમના કર્મચારીઓની એક દિવસીય હડતાળ : માંગણી નહીં સંતોષાય તો અચોક્કસ મુદતની લડત**

ગાંધીનગર, તા.૧૯

પડતર પ્રશ્નો ઉકેલવાની પ્રબળ માંગ સાથે એસ.ટી. નિગમના કર્મચારીઓ મંગળવારે મોડી રાતથી માસ સી.એલ. પર ઉતરી જતા જિલ્લામાં ૧૫૦૦ જેટલી એસ.ટી. બસોના પૈડા આજે સવારથી થંભી જશે. નિગમના કર્મચારીઓની ૨૪ કલાકની હડતાલ દરમિયાન સરકારી કર્મચારીઓ સહિત ૨૦ હજાર મુસાફરોનો વાહનવ્યવહાર ખોરવાઈ જશે. ગાંધીનગર ડેપોની પણ ૧૦૦ બસો બંધ રહેશે. એસ.ટી.ના કર્મચારીઓની હડતાળના લીધે જિલ્લાના ચારેય ડેપોએ ૪ લાખથી પણ વધુ આવક ગુમાવવી પડશે.

ડિઝલના ભાવમાં ફટકો પડતા સર્જાયેલી વિસંગતતાને લઈ સમગ્ર દેશમાં એસ.ટી. નિગમ સહિતના કોર્પોરેશને તા. ૨૦ અને ૨૧ ફેબ્રુઆરીના રોજ હડતાળના માધ્યમથી લડત આપવાનું એલાન કર્યુ છે. જેના પગલે ગુજરાત એસ.ટી.

● અનુસંધાન પાન-૭ પર

ધોરણ-12 પાસ માટે ‘ગુજરાત સરકાર’ માં નોકરી!
13000+ જગ્યાઓ!... ટૂંક સમયમાં !!
વન સહાયક, સબ રજીસ્ટ્રાર, વનપાલ, તલાટી, ક્લાર્ક, કોન્સ્ટેબલ
વર્ગ-3
છેલ્લા 10 વર્ષનાં પેપરોનું સોલ્યુશન
ફી માત્ર ₹ 14,000 (F) ₹ 16,000 (M)
KNOWLEDGE VALLEY
TCCI EDUCATION PVT. LTD.
HELPLINE NUMBER : 9328714508
KNOWLEDGE VALLEY

ધો.૧૨ પાસ તથા ગ્રેજ્યુએટ વ્યક્તિઓ માટે
સરકારી નોકરી મેળવવા
GPSC, BANK, PSI, તલાટી, ક્લાર્ક, કોન્સ્ટેબલ, વગેરેની...
સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરવા
તા. 24.2.13 થી નવી બેચ શરૂ થાય છે
વિવેકાનંદ એકેડમી
પ્રવેશ માટે સંપર્ક : 99256 98721

C Y M K